આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૭૨ | ૨૩ મે, ૨૦૧૩, ગુરૂવાર; વૈશાખ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

માનવી જ્યારે પોતાના દોષ જોતો થઇ જાય ત્યારે એની પાસે સમાજની સમસ્યાઓ આવતી જ નથી
- એસ. ભટ્ટાચાર્ય

કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો

રાજયના ૪.૮૬ લાખ કર્મચારીઓ અને ૩.૭૭ લાખ પેન્શનરોને લાભ મળશે

૧લી જાન્યુઆરી ૨૦૧૩થી અમલ : મોંઘવારી ભથ્થુ રોકડમાં ચુકવાશે

ગાંધીનગર, તા.૨૨

કેન્દ્રના ધોરણે રાજયના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં આઠ ટકાનો વધારો કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આઠ ટકા મોંઘવારી ભથ્થાની રકમ કર્મચારીઓને રોકડમાં ચૂકવવામાં આવશે. મોંઘવારી ભથ્થુ મળે છે અને કેન્દ્ર સરકારે તેમાં ૧લી જાન્યુઆરી ૨૦૧૩ ઉથી આઠ ટકાનો વધારો કરતાં હવેથી રાજય સરકારના કર્મચારીઓ પંચાયતના કર્મચારીઓ તેમજ અગાઉ જે ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ મળવાપાત્ર થતો હોય તેવા કર્મચારીઓને મળવાપાત્ર થશે.

મોંઘવારી ભથ્થામાં વધારો કરવાનો આજે રાજય સરકારે નિર્ણય કરતાં રાજયના કર્મચારીઓમાં આનંદની લાગણી ઉઠવા પામી હતી અને પગારમાં કેટલો વધારો થશે તેની ગણતરી કરતાં કર્મચારીઓ નજરે પડતા હતાં.

સરકાર પર રૂ. ૧૦૩૬ કરોડનો બોજો

રાજયમંત્રી મંડળની આજે મળેલી બેઠકમાં આઠ ટકા મોંઘવારી ભથ્થામાં વધારો કરવાના લેવાયેલ નિર્ણય અંગેની વિગતો આપતાં રાજયના નાણાં મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કેન્દ્રના ધોરણે ૧લી જાન્યુઆરી ૨૦૧૩ ઉથી આઠ ટકાનો વધારો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

હાલ રાજય સરકારના કર્મચારીઓને કેન્દ્ર સરકારના કર્મચારીઓ સમકક્ષ ૭૨ ટકા તમામ કર્મચારીઓને પણ ૮૦ ટકા મોંઘવારી ભથ્થું મળવાપાત્ર થશે.

મોંઘવારી ભથ્થામાં ૮ ટકાનો વધારો કરવામાં આવતા તેનો લાભ રાજય સરકારના ૪.૮૬ લાખ કર્મચારીઓ તેમજ રાજય સરકારની સેવામાંથી નિવૃત્ત થયેલા ૩.૭૭ લાખ પેન્શનરોને આ લાભ મળશે.

કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં આઠ ટકાનો વધારો કરવામાં આવતાં રાજય સરકારની તિજોરી પર ૧૦૩૬ કરોડનો બોજો પડશે.

રાજય સરકારના મોંઘવારી ભથ્થામાં આઠ ટકા વધારાના આ નિર્ણયનો લાભ રાજય સરકારના

છઠ્ઠા પગાર પંચના એરિયર્સનો ૨૦ ટકા હપ્તો ચૂકવવા કર્મચારી એસો.ની માંગ

ગાંધીનગર, તા.૨૨

મોંઘવારી ભથ્થામાં આઠ ટકાનો વધારો કરવાના નિર્ણયને આવકારીને સચિવાલય કર્ચમારી એસો.એ છઠ્ઠા પગાર પંચ અંતર્ગત એરીયર્સના ૨૦ ટકાનો હપ્તો જલ્દીથી કર્મચારીઓને ચૂકવી આપવા અંગેની માંગણી સરકાર સમક્ષ કરવામાં આવી છે.

રાજય સરકારે આજે કેન્દ્રના ધોરણે રાજયના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં આઠ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે તેને જ આવકારીને પ્રતિક્રિયા આપતા સચિવાલય કર્મચારી એસો.ના પ્રમુખ મનુભાઈએ છઠ્ઠા પગાર પંચ અંતર્ગત પગાર તફાવતના એરીયર્સનો ૨૦ ટકાનો છેલ્લો હપ્તો જલ્દીથી રોકડમાં ચૂકવવાનો સરકાર નિર્ણય કરે તેવી માંગણી કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે કર્મચારી એસો.ની સરકાર સાથે થયેલી વાટાઘાટો સમયે છઠ્ઠા પગાર પંચના એરિયર્સનો ૨૦ ટકાનો હપ્તો ઝડપથી ચૂકવવા અંગે ખાત્રી આપવામાં આવી હતી.

ગુલમહોર - ગ્રીષ્મ, ગાંધીનગર, ગરમાળો અને ગુલમહોર અનોખા પ્રાસના દિવસો.... ગાંધીનગરના માર્ગો પર ગરમાળો અને ગુલમહોર સોળેકળાએ ખીલે ત્યારે સમજવું કે ગ્રીષ્મ બરાબર જામ્યો છે... ગુલમહોર ગાંધીનગરની અનોખી શોભા છે... ધખધખતા તાપની વચ્ચે આંખને ઠંડક આપે એવા આકર્ષક રંગોમાં ખીલેલા ફૂલો અને ખરતા ફૂલો સૌંદર્યની અનોખા દૃશ્યો સર્જે છે... નગરની ફૂટપાથ આજકાલ લાલ-પીળી રંગોળીથી સજાવાયેલી હોય એવું ઠેર ઠેર નજરે પડે છે. સાંજ સુધીમાં ટોચે ખીલેલા ફૂલો ધરતીને નમન કરવા ટપોટપ પડે છે ત્યારે નમ્રતાની પરાકાષ્ટા સર્જાય છે. સૌંદર્ય કે ઉંચાઈ ગમે તેટલી હોય પરંતુ મુળને સમર્પિત થવું એવો ભાવ ગુલમહોર અને ગરમાળામાં સતત મહેંકતો રહે છે.... અને એટલે જ અલ્પ આયુષ્યમાં પણ સુંદરતાની પરાકાષ્ટા સર્જી ગ્રીષ્મની શોભા વધારે છે...

જિલ્લાના ભાજપ-કોંગ્રેસના કાર્યકરો બનાસકાંઠાના પ્રચાર કાર્યમાં

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લા ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોને બનાસકાંઠા લોકસભા મતવિસ્તારની જવાબદારી સોંપવામાં આવતાં બંને પક્ષના કાર્યકરો બનાસકાંઠા જવા રવાના થઈ ગયા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલરોને થરાદ વિસ્તારમાં જવાબદારી સોંપવામાં આવી છે જયારે જિલ્લાના ચુનંદા કાર્યકર્તાઓને પાલનપુર, દિયોદર અને દાંતા વિસ્તારમાં જુદી જુદી જવાબદારી સોંપવામાં આવી છે.

કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓને ડીસા, થરાદ અને પાલનપુરની જવાબદારી સોંપવામાં આવી છે. કોંગ્રેસના કેટલાક કાઉન્સીલરોને ડીસા અને પાલનપુરની જવાબદારી સોંપવામાં આવી છે.

બંને પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના ૫૦૦ જેટલા રાજકીય આગેવાનો આ પેટા ચૂંટણીની વિવિધ જવાબદારી સંભાળી રહ્યા છે. આ બંને પક્ષના આગેવાનોને ખાસ કરીને લોકસંપર્ક ઉપરાંત પ્રચાર અભિયાનની વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

આ બધા જ કાર્યકરો પૈકી ૨૦૦ જેટલા કાર્યકરો ત્યાં પહોંચી ગયા છે અને વધુ ૩૦૦ જેટલા કાર્યકરો આજે અને કાલે મળી પહોંચશે. જેઓ મતદાન પૂર્ણ થાય તે પછી જિલ્લામાં પરત ફરશે.

આમ બંને પક્ષના રાજકીય આગેવાનો પાલનપુર પહોંચતા જિલ્લામાં રાજકીય ગતિવિધિઓ લગભગ શૂન્ય બની જવા પામી છે.

મળતી વિગતો મુજબ ભાજપે તેના બેય ધારાસભ્યો શ્રી અશોક પટેલ અને શ્રી શંભુજી ઠાકોરને ડીસા અને પાલનપુરની વિશેષ જવાબદારી સોંપી છે. જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલ પણ આજે જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ખાસ હાજરી આપવા પાલનપુરથી આવી રહ્યા છે.

સૂર્ય તિલક - ગાંધીનગરના કોબા ખાતે પ્રસિદ્ધ જૈન તીર્થ - મહાવીર આરાધના કેન્દ્રમાં ભગવાન મહાવીર પ્રતિમાના લલાટે પ્રતિવર્ષ ૨૨-મેના રોજ બરાબર ૧.૩૯ મિનિટે સૂર્યનું સીધું કિરણ તિલક બની જાય છે... જે અલૌકિક દર્શનની અનુભૂતિ કરાવે છે... બુધવારે બપોરે પણ અલૌકિક દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં કોબા સ્થિત દેરાસર ખાતે ઉમટ્યા હતા...

આજે જિલ્લા આયોજન મંડળની પ્રથમ બેઠક

રૂ. ૭.૩૭ કરોડના ૬૦૦થી પણ વધુ વિકાસ કામોને બેઠકમાં મંજૂરી આપવામાં આવશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની આજે મળનારી બેઠકમાં રૂ. ૭૩૭ લાખના ૬૦૦થી પણ વધુ વિકાસ કામોને મંજુરી આપવામાં આવશે.

જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલના અધ્યક્ષપદે મળનારી આજની બેઠકમાં જિલ્લાના પાંચ ધારાસભ્યો ઉપરાંત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ હાજરી આપશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે મળનારી આયોજન મંડળની બેઠકમાં પીવાના પાણીના કામો, રસ્તાના, ગટરના કામો ઉપરાંત આંગણવાડીની કમ્પાઉન્ડ વોલ તેમજ ભૌગોલિક રીતે પછાત વિસ્તારના વિકાસ કામોને બહાલી આપવામાં આવશે.

આ બેઠકમાં ધારાસભ્યો એ સાંસદોએ ગત વર્ષે સૂચવેલ વિકાસ કામોની પ્રગતિ તેમજ થયેલા વિકાસના કામોની સમીક્ષા પણ કરવામાં આવનાર છે.

આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારના વિકાસ કામો ઉપરાંત ચાર શહેરી વિસ્તારોના પણ એક કરોડ રૂ.ના કામોને મંજૂરી આપવામાં આવશે. વિવેકાધીન જોગવાઈ હેઠળના રૂ. ૩.૬૮ કરોડના રૂ.ના ખાસ અંગભૂત યોજના હેઠળના રૂ. ૪૫ લાખના તથા પ્રોત્સાહક વિકાસ યોજનાના રૂ. ૫૦ લાખના કામોને પણ બહાલી આપવામાં આવશે.

દરેક તાલુકાની વસ્તીના આધારે વિકેન્દ્રીત જિલ્લા આયોજન હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમાંથી વિકાસના કામોનું આયોજન તાલુકા સ્તરેથી કરી અહીં જિલ્લા લેવલે મોકલવામાં આવે છે જેને મંજૂરી આપવામાં આવે છે.

આ આયોજનમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પણ રૂ. ૧.૫૦ કરોડના ૧૦૦થી વધુ વિકાસ કામો સૂચવવામાં આવ્યા છે.

જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે નિયુકત થયેલા રાજયના નાણામંત્રી શ્રી નીતિન પટેલ જિલ્લામાં પ્રથમવાર સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે તેમની સાથે જિલ્લાના સહપ્રભારી તરીકે નિયુકત થયેલા રાજય ગૃહમંત્રી શ્રી રજનીભાઈ પટેલ તથા પ્રભારી સચિવશ્રી સંજયપ્રસાદ પણ આ બેઠકમાં હાજરી આપશે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના ૧૭૫ જેટલા કામો, દહેગામના ૧૩૫ જેટલા કામો, માણસાના ૧૦૦ જેટલા કામો અને કલોલના ૧૩૦ જેટલા વિકાસ કામો આજની આ બેઠકમાં સૂચવવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૦૦થી પણ વધુ કામો જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સૂચવવામાં આવ્યા છે.

સામાન્યતઃ એપ્રિલ માસમાં મળતી આયોજન મંડળની બેઠક ૫૦ દિવસ જેટલી મોડી મળી રહી છે.જો કે વિકાસના કામો માટે મળતી આ બેઠક ચૂંટણીની આચારસંહિતાને લીધે મોડી મળી રહી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

નવ જિલ્લાના ૭૭૯ ગામોમાં ટેન્કર દ્વારા પાણી

ગાંધીનગર, તા. ૨૨

રાજયમાં પીવાના પાણીની તંગી છે તેવા નવ જિલ્લાના ૭૭૯ ગામોમાં ટેન્કરો દ્વારા પીવાનું પાણી પુરૂ છે ત્યાં પણ ટેન્કરો ચાલુ રાખવા સૂચના આપવામાં આવી છે.

આજે અત્રે પત્રકારો સાથેની અનૌપચારીક વાતચીતમાં રાજયના ૩૫ ગામો, અમરેલીના ૨૭ ગામો, પાટણના ૧૪ ગામો અને બનાસકાંઠાના ૧૧ એમ કુલ ૭૭૮ ગામોમાં પીવાનું પાણી ટેન્કર દ્વારા પુરૂ પાણીની તકલીફ ન પડે તે માટે ટેન્કરો ચાલુ રાખવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

અછતગ્રસ્ત વિસ્તારોમાં ૪૭૭ રાહત કામો ચાલે છે

રાજયમાં અર્ધઅછતગ્રસ્ત વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલ સરત કામો અંગેની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની મનરેગા યોજના હેઠળ રાહત કામો ચાલી રહ્યા છે. આ વિસ્તારોમાં ૪૭૭ જેટલા કામો ચાલે છે જેમાં કુલ ૬૧૦૩૪ લાભાર્થીઓ લાભ લઈ રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે જુનાગઢ જિલ્લામાં ૨૧૧૦૫ લાભાર્થી રાહતકામનો લાભ લઈ રહ્યા છે. જ્યારે ભાવનગરમાં ૧૩૧૫૫, અમરેલીમાં ૮૭૫૦ લાભાર્થીઓ, રાજકોટમાં ૭૯૬૬ લાભાર્થીઓ

● અનુસંધાન પાન-૭ પર

૬૦૦ કરોડના ખર્ચે સમરસતા હોસ્ટેલોનું નિર્માણ હાથ ધરાશે

અમદાવાદ, તા.૨૨

રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉપકમે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર દ્વારા અમદાવાદમાં અનુસૂચિત જાતિના કુટુંબોના સર્વાંગી વિકાસ માટે સીધા ધિરાણની યોજના હેઠળ ૨૮૭૧ લાભાર્થીઓને રૂા. ૫.૨૫ કરોડનું ધિરાણ અને વાહનોનું સામાજિક ન્યાય અને અને અધિકારતા મંત્રી રણલાલ વોરાના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે અનુ. જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા મહિલા પાડવામાં આવે છે એમ જણાવીને રાજય સરકારના પ્રવકતા મંત્રી અને નાણા મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે જે વિસ્તારોમાં પીવાના પાણીની પાઈપલાઈન પહોંચી ગઈ નાણામંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે કચ્છના ૫૫ ગામો, રાજકોટના ૧૨૬ ગામો, જામનગરના ૧૬૧ ગામો, સુરેન્દ્રનગરના ૮ ગામો, જુનાગઢના ૩૪૨ ગામો, પોરબંદરના પાડવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે જે વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણી પહોંચાડાઈ છે તે વિસ્તારોમાં પાણીની પાઈપલાઈન પહોંચી હોય તો પણ

● અનુસંધાન પાન-૭ પર